સમાચાર જાહેરાત

Ontario

માર્ચ 26, 2024

# વધારે સારા ઓન્ટેરિયોનું નિર્માણ કરવું

## *2024 બજેટ (અંદાજપત્ર)* ઓન્ટેરિયોના અર્થતંત્રનું પુનઃનિર્માણ કરવાની યોજના પર કાર્યરત

ટોરોન્ટો – આજે, મિનિસ્ટર ઑફ ફાઇનાન્સ Peter Bethlenfalvy (પીટર બેથ્લેનફાલ્વી)એ *2024 બજેટ બહાર પાડ્યું: વધારે સારા ઓન્ટેરિયોનું નિર્માણ કરવું* ઊંચા વ્યાજ દરો અને વૈશ્વિક અસ્થિરતાને લીધે દુનિયાના બાકીના પ્રોવિન્સની જેમ, ઓન્ટેરિયો આર્થિક અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યું છે.

આ પડકારો ઓન્ટેરિયોના કુટુંબો અને તેઓના નાણાં પર, તેમજ પ્રોવિન્સની નાણાકીય વ્યવસ્થાઓ પર દબાણ લાવી રહ્યાં છે. આ પડકારો હોવા છતાં, ઓન્ટેરિયો વધારે ઝડપથી વધારે ઘરો બાંધવા માળખાગત સગવડો (ઇન્ફ્રાસ્ટ્રક્ચર)માં રોકાણ કરીને, વધારે મોટા પેચેક્સવાળી વધારે સારી નોકરીઓને આકર્ષીને, કુટુંબો અને ધંધાઓના ખર્ચાઓ નીચા રાખીને, અને સંતુલનનો માર્ગ જાળવી રાખીને નિર્માણની પોતાની યોજના પર કાર્ય કરી રહ્યું છે.

"વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને ઊંચા વ્યાજ દરોને ધ્યાનમાં લેતા તેનું ઓન્ટેરિયોના કુટુંબો પર દબાણ ચાલુ રહ્યું છે, આપણી સરકાર કરો વધાર્યા વગર ઓન્ટેરિયોના અર્થતંત્રનું પુનઃનિર્માણ કરવા રોકાણ કરીને જવાબદાર અભિગમ અપનાવી રહી છે," મિનિસ્ટર Bethlenfalvy એ જણાવ્યું. "અમે નવા રસ્તાઓ, હાઇવે અને ઉત્તર અમેરિકામાં સૌથી વિશાળ જાહેર પરિવહનનું વિસ્તરણ સહિતની, ચાવીરૂપ જાહેર સેવાઓ અને માળખાગત સગવડોમાં રોકાણ કરીએ ત્યારે, અમને જ્ઞાત છે કે ઓન્ટેરિયોના મહેનતુ કુટુંબો કે મ્યુનિસિપાલિટીસ ખર્ચાઓ નીચા રાખવા અમારા પર અવલંબિત છે તેવા સમયે અમે તેઓ પર ખર્ચાઓ લાદવાનો ઇનકાર કરીએ છીએ."

આપણાં પ્રોવિન્સની કાર્યવાહીઓની ઝાંખીઓમાં આ સામેલ છે:

- નવા મ્યુનિસિપલ હાઉસીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામમાં $1 બિલિયન રોકીને વધારે ઘરોના બાંધકામમાં મદદરૂપ થવું અને હાઉસીંગ ઇનેબલિંગ વોટર સિસ્ટમ્સ ફંડ ચાર ગણું કરીને કુલ $825 મિલિયન સુધી પહોંચાડીને મ્યુનિસિપાલિટીસને પોતાના આવાસીય લક્ષ્યાંકોને પહોંચી વળવા જરૂરી નિર્ણાયક માળખાગત સગવડોનું સમારકામ અને વિસ્તરણ કરવામાં મદદરૂપ થવું.
- આશરે 600,000 લોકોને પ્રાથમિક આરોગ્ય સંભાળ સાથે જોડવા ત્રણ વર્ષના સમયગાળામાં $546 મિલિયનનું કુલ વધારાનું રોકાણ કરવું.
- નવું $200 મિલિયનનું કમ્યુનિટી સ્પોર્ટ અને રિક્રિએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ શરૂ કરીને નવી અને અપગ્રેડ કરેલી સ્પોર્ટ, રિક્રિએશન અને કમ્યુનિટી સગવડોમાં રોકાણ કરીને સમગ્ર ઓન્ટેરિયોમાં સમુદાયોને મજબૂત બનાવવા.
- ગ્રેટર ટોરોન્ટો એરિયામાં મોટા બનાવો અને ગંભીર ગુનાઓમાં પેટ્રોલિંગ વધારવામાં અને વધારે ઝડપી પ્રતિસાદ સમય માટે સહાયરૂપ થઇને સામુદાયિક સુરક્ષા સુધારવા, ચાર પોલીસ હેલિકોપ્ટર્સ ખરીદવા સહિત, આગામી ત્રણ વર્ષોમાં $46 મિલિયનનું રોકાણ કરવું.
- ડિસેમ્બર 31, 2024 સુધી ગેસોલિન ટેક્સ રેટ 5.7 સેન્ટ્સ પ્રતિ લીટર અને ફ્યુઅલ (ડીઝલ) ટેક્સ રેટ 5.3 સેન્ટ્સ પ્રતિ લીટર સુધી ઘટાડીને હંગામી કપાતો લંબાવવાની દરખાસ્તો મૂકીને લોકો અને ધંધાઓ માટે ખર્ચાઓ નીચા રાખવા. આનાથી પહેલી કપાત જુલાઈ 2022 માં કરવામાં આવી ત્યારથી ઓન્ટેરિયોના ઘરબારોના સરેરાશ $320 બચશે. આ રાહત ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે ફેડરલ કાર્બન ટેક્સ એપ્રિલ 1, 2024 થી વધવાનો છે.

- 2024–25 માં સ્કિલ્સ ડેવલપમેન્ટ ફંડ ટ્રેઇનિંગ સ્ટ્રીમ મારફતે વધારાનું $100 મિલિયનનું રોકાણ કરીને એપ્રેન્ટિસો સહિતના, કામદારો અને નોકરી શોધનારાઓને મદદ કરવાથી, તેઓ પોતાની કારકિર્દીઓને આગળ વધારવા જરૂરી આવડતો મેળવશે.
- નબળા લોકોને સહાય કરવા રચેલી વિવિધ સહાયક આવાસીય પહેલો માટે આગામી ત્રણ વર્ષોમાં વધારાના $152 મિલિયન રોકીને અસ્થિર આવાસીય પરિસ્થિતિઓનો અને માનસિક આરોગ્ય અને વ્યસન પડકારોનો સામનો કરી રહેલા લોકોને સહાયરૂપ થવું.

“અમારો જવાબદાર અભિગમ સંતુલનનો માર્ગ જાળવી રાખતા અમને ઓન્ટેરિયોના કુટુંબો, કામદારો અને મ્યુનિસિપાલિટીસને સહાયરૂપ થવા દે છે,” મિનિસ્ટર Bethlenfalvy એ જણાવ્યું. “વધારે મજબૂત સમુદાયો બનાવવા અને ભાવિ પેઢીઓ માટે વધારે સારી તકો ઊભી કરવામાં મદદ મેળવવા અમે સમજદારીપૂર્વકનું રોકાણ કરવાનું ચાલુ રાખીશું.”

## *ઝડપી હકીકતો*

- વર્ષ 2023–24 માટે, સરકાર $3.0 બિલિયનની ખાધ (ઘટ) રહેવાનો અંદાજ રાખી રહી છે. સંતુલનના પોતાના માર્ગના ભાગરૂપે, સરકારના ખાધના અંદાજો વર્ષ 2026-27 માં $0.5 બિલિયનની સરપ્લસ સુધી પહોંચે તે પહેલાં, 2024-25 માં $9.8 બિલિયન અને 2025–26 માં $4.6 બિલિયન જેટલા રહેશે.
- ઓન્ટેરિયોનો વાસ્તવિક GDP વર્ષ 2023 માં અંદાજે 1.2 ટકા જેટલો વધ્યો અને 2024 માં 0.3 ટકા, 2025 માં 1.9 ટકા, 2026 માં 2.2 ટકા અને 2027 માં 2.2 ટકા વધવાનો અંદાજ છે. સમજદારીપૂર્વકના રાજકોષીય આયોજનના હેતુસર, આ અંદાજો ખાનગી ક્ષેત્રના અંદાજોની સરેરાશથી સહેજ ઓછાં છે.

વધારાના સંસાધનો

અહીં વાંચો, *2024 બજેટ: વધારે સારા ઓન્ટેરિયોનું નિર્માણ કરવું*

*2024 બજેટ*ની ઝાંખીઓ વાંચો

અહીં વાંચો, *પશ્ચાદભૂ: આર્થિક અને રાજકોષીય પૂર્વાવલોકન*

અહીં વાંચો, *2023 ઓન્ટેરિયોનો આર્થિક દૃષ્ટિકોણ અને રાજકોષીય સમીક્ષા: વધારે સારા ઓન્ટેરિયોનું નિર્માણ સાથે મળીને કરવું*

---

મીડિયા સંપર્કો

Colin Blachar (**કોલિન બ્લાચર**)
**મિનિસ્ટરની ઑફિસ**
416-325-0400
Colin.Blachar@ontario.ca

Scott Blodgett (**સ્કોટ બ્લોડજેટ**)
**કોમ્યુનિકેશન્સ બ્રાંચ**
416-728-9791
Scott.Blodgett@ontario.ca

ontario.ca/finance-news
*Disponible en français*